# શંકરસિંહ વાઘેલા બાપુ ઈન્સ્ટીટ્યુટ ઑફ સાયન્સ ઍન્ડ કૉમર્સમાં જન્માષ્ટમીની ઉત્સાહી ઉજવણી



ગાંધીનગર, તા. ૨૮

શંકરસિંહ વાઘેલા બાપુ ઈન્સ્ટીટ્યુટ ઑફ સાયન્સ ઍન્ડ કૉમર્સ કૉલેજ અભ્યાસની સાથે-સાથે રમતગમત, સાંસ્કૃતિક કાર્યક્રમો તથા ધાર્મિક ઉત્સવો ખૂબ જ આનંદ સાથે ઉજવે છે.

આ સંદર્ભે તાજેતરમાં કૉલેજના વિશાળ પટાંગણમાં શ્રીકૃષ્ણ જન્મના પ્રસંગનો ઉત્સવ કૉલેજના વિદ્યાર્થીઓ દ્વારા ઉત્સાહથી ઉજવવામાં આવ્યો હતો. વિદ્યાર્થીઓએ મટકીફોડનો ઉપક્રમ ઉજવીને જાણે કૉલેજના પટાંગણમાં ગોકુળનું સર્જન કરી દીધું હોય એવો માહોલ સર્જાયો હતો. આ સમયે સૌનો ઉત્સાહ ચરમ સીમાએ પહોંચી ગયો હતો. વિદ્યાર્થીઓ સાથે અધ્યાપકો, આચાર્ય પણ આ ઉજવણીમાં ઉત્સાહપૂર્વક જોડાયા હતા.

# સાતારા મૅરેથોનમાં ગાંધીનગર ઝળક્યું












ગાંધીનગર, તા. ૨૮

મહારાષ્ટ્રના સાતારા ખાતે હિલ પર યોજાતી હાફ મેરેથોન એ અત્યંત ટફ મેરેથોન તરીકે જાણીતી છે. અહીં ભાગ લેવો અને મૅડલ મેળવવો એ દરેક મેરેથોન રનરનું સ્વપ્ન હોય છે. ગત રવિવારે યોજાયેલી સાતારા હિલ હાફ મેરેથોનમાં ગાંધીનગરના રનર્સે ભાગ લીધો હતો.

જાણીતા બિલ્ડર જગત કારાણીએ ૬૨ વર્ષની વયે પોતાની ૬૦મી હાફ મેરેથોન પૂર્ણ કરી હતી અને સંજય થોરાતે ૪૫મી હાફ મેરેથોન પૂર્ણ કરી હતી. દિલીપ શર્માએ પણ પોતાની ૫૦મી હાફ મેરેથોન સફળતાપૂર્વક પૂર્ણ કરી ફિનીશરનો મૅડલ મેળવ્યો હતો.

સૌથી જબરદસ્ત પ્રદર્શન હરિશ્ચંદ્રએ કર્યું હતું. એમણે સાતારાની ટફ મેરેથોનમાં ૫૦થી વધુ વયની કૅટેગરીમાં પ્રથમ ક્રમાંક પ્રાપ્ત કર્યો હતો. એમને વિજેતા ટ્રૉફી અને રોકડ પુરસ્કારથી સન્માનિત કરવામાં આવ્યા હતા. એમણે સાતારામાં ત્રીજી વખત વિજેતા થવાનો અનોખો રેકોર્ડ સ્થાપિત કર્યો હતો. ઉલ્લેખનીય છે કે આ વખતે સાતારા હિલ હાફ મેરેથોનમાં ૨૧.૦૯૭ કિમીની દોડમાં દસ હજારથી વધુ રનર્સે ભાગ લીધો હતો.

## જન્મદિને વધામણી



**ભાવના સમીર રામી**
બ્યુટીશિયન, રામી બ્યુટી કેર
કોષાધ્યક્ષ, હેપ્પી યુથ ક્લબ
મો. ૯૪૨૬૫ ૬૬૨૦૧



**ભદ્રશિલાબેન ત્રિવેદી**
સામાજિક અગ્રણી
મો. ૯૪૨૬૩ ૫૨૭૮૧



**હરશિવ રવીન્દ્રકુમાર નાયી**
મો. ૯૭૨૫૭ ૩૨૪૧૨

જન્મદિને વધામણી વિભાગ અંતર્ગત કોઈપણ વાચક પોતાની તસવીરો પ્રકાશન માટે મોકલી શકે છે. પરંતુ, વાચકોને વિનંતી છે કે મોડામાં મોડી આ તસવીરો જન્મદિવસ હોય તેના અગાઉના દિવસે એક વાગ્યા સુધીમાં અખબારને મળી જાય. વાચકો ઈચ્છે તો આ વિભાગમાં પ્રકાશન હેતુ પોતાની તસવીરો અગાઉથી પણ મોકલાવી શકે છે.
- સંપાદક

# સરસ્વતી ફાર્મા ઈન્સ્ટિટ્યુટમાં જન્માષ્ટમી





ગાંધીનગર, તા. ૨૮

સરસ્વતી ઈન્સ્ટિટ્યૂટ ઓફ ફાર્માસ્યુટિકલ સાયંસિસ, ધણપ, ગાંધીનગર, ખાતે કૃષ્ણ જન્મોત્સવની ધામધુમપૂર્વક ઉજવણી કરવામાં આવી હતી. નંદ ઘેર આનંદ ભયો, જય કનૈયાલાલ કી... ના નારા સાથે હર્ષોલ્લાસથી કાન્હાના વધામણા કરવામાં આવ્યા હતા તથા ''મટકી ફોડ'' નો કાર્યક્રમ યોજવામાં આવ્યો હતો.



જેઍમપી ગોપાલક વિદ્યાસંકુલમાં 'ઉત્તમ વિદ્યાર્થી કેવી રીતે બનાય ?' એ વિષયે સ્વામી વિવેકાનંદના પરિવ્રાજક અને સૅક્ટર-૨૪ આર્યસમાજ મંદિરના સંયુક્ત ઉપક્રમે વક્તવ્યનું આયોજન કરવામાં આવ્યું હતું. આ વક્તવ્યના માધ્યમથી વિદ્યાર્થીઓમાં ઉત્તમ સંસ્કારોનું સીંચન કરવાનો પ્રયાસ કરવામાં આવ્યો હતો.



ગાંધીનગર ઈન્ટરનેશનલ પબ્લીક સ્કૂલ ના પ્રિ-પ્રાઈમરી વિભાગમાં બુધવારના રોજ આલ્ફાબેટ ગેમ્સનું આયોજન કરવામાં આવ્યું હતું. આ રમતોના માધ્યમથી બાળકોને શબ્દો ઘડવાની રીત સમજાવવામાં આવી હતી. આલ્ફાબેટને લગતાં ગીતો અને ચિત્રોની રજૂઆત આ માટે કરવામાં આવી હતી.

# એસ. જી. અંગ્રેજી શાળામાં આર્ટ ઍટેક પ્રવૃતિ યોજાઈ



એસ.જી.એસ.વી.ઈંગ્લિશ મીડિયમ પ્રાયમરી સ્કૂલમાં બુધવારના રોજ વિદ્યાર્થીઓમાં વિવિધ કૌશલ્યોનો વિકાસ થાય તે હેતુથી હસ્તકલાની પ્રવૃતિનું આયોજન થયું હતું. આ પ્રવૃતિમાં વિદ્યાર્થીઓએ ન્યૂઝ પેપરમાંથી વિવિધ કલાકૃતિઓ તેમજ વિદ્યાર્થિનીઓએ મોતી, કાગળ, દોરી વગેરે વસ્તુમાંથી બ્રેસલેટ, હાર, બુટ્ટી વગેરે જેવી વસ્તુઓ બનાવી પોતાનું કૌશલ્ય ઉજાગર કર્યું હતું.

## મારા સાથીઓ

બ્રજકિશોરબાબુ અને રાજેન્દ્રબાબુ તો અદ્વિતિય જોડી હતા. તેમના વિના હું એક પણ ડગલું આગળ ન જઈ શકું એવો પોતાના પ્રેમથી તેમણે મને અપંગ બનાવી મૂક્યો હતો. તેમના શિષ્યો કહો કે સાથીઓ એવા શંભુબાબુ, અનુગ્રહબાબુ, ધરણીબાબુ અને રામનવમીબાબુ, આ વકીલો લગભગ નિરંતર સાથે જ રહેતા. વિંધ્યાબાબુ અને જનકધારીબાબુ પણ વખતોવખત રહેતા. આ તો થયો બિહારી સંઘ. તેમનું મુખ્ય કામ લોકોની જુબાનીઓ લેવાનું હતું.

અધ્યાપક કૃપલાનીથી આમાં જોડાયા વિના રહેવાય એમ જ નહોતું. જાતે સિંધી છતાં તે બિહારીના કરતાં પણ વધારે બિહારી હતા. એવા થોડા સેવકોને મેં જોયા છે જેમની શક્તિ જે પ્રાંતમાં જાય તેમાં પૂર્ણતાએ ભળી જવાની હોય ને પોતે જુદા પ્રાંતના છે એવું કોઈને જાણવા ન દે. એમાંના કૃપલાની એક છે. તેમનો મુખ્ય ધંધો દ્વારપાળનો હતો. દર્શન કરનારાઓથી મને બચાવી લેવામાં તેમણે જિંદગીની સાર્થકતા આ સમયે માની લીધી હતી. કોઈને વિનોદથી મારી પાસે આવતા અટકાવે તો કોઈને અહિંસક ધમકીથી. રાત પડે ત્યારે અધ્યાપકનો ધંધો શરૂ કરે ને બધા સાથીઓને હસાવે, ને કોઈ બીકણ પહોંચી જાય તો તેને શૂર ચડાવે.

૧૫૦ ગાંધીયાત્રા

મૌલાના મજહરુલ હકે મારા મદદગાર તરીકે પોતાનો હક નોંધાવી મૂક્યો હતો; ને મહિનામાં એક બે વખત ડોકિયું કરી જાય. તે વખતનો તેમનો ઠાઠ અને દમામ અને આજની તેમની સાદાઈ વચ્ચે આસમાન જમીનનું અંતર છે. અમારામાં આવીને તેઓ પોતાનું હૃદય ભેળવી જતા, પણ પોતાની સાહેબીથી બહારના માણસને તો અમારાથી નોખા જેવા લાગતા.

જેમ જેમ હું અનુભવ મેળવતો ગયો તેમ તેમ મને લાગ્યું કે, ચંપારણમાં બરોબર કામ કરવું હોય તો ગામડાંમાં કેળવણીનો પ્રવેશ થવો જોઈએ. લોકોનું અજ્ઞાન દયાજનક હતું. ગામડાંનાં છોકરાં રખડતાં હતાં. અથવા માબાપો તેમને દિવસના બે કે ત્રણ પૈસા મળે તેટલા સારુ આખો દહાડો ગળીનાં ખેતરોમાં મજૂરી કરાવતાં. આ સમયે પુરુષોની મજૂરી દસ પૈસા કરતાં વધારે નહોતી. સ્ત્રીઓની છ પૈસા અને બાળકોની ત્રણ. ચાર આનાની મજૂરી મળે તે ખેડૂત ભાગ્યશાળી ગણાય.

સાથીઓ સાથે વિચાર કરી છ ગામડાંમાં પ્રથમ તો બાળકોને સારુ નિશાળો ખોલવાનો ઠરાવ થયો. શરત એવી હતી કે, તે તે ગામડાના આગેવાનોએ મકાન અને શિક્ષકનું ખાવાનું આપવું, તેનું બીજું ખર્ચ અમારે પૂરું પાડવું. અહીંનાં ગામડાંમાં પૈસાની છોળ નહોતી, પણ અનાજ વગેરે પૂરું પાડવાની લોકોની શક્તિ હતી, એટલે લોકો કાચું અનાજ આપવા તૈયાર થઈ ગયા હતા.

શિક્ષકો ક્યાંથી લાવવા એ મહાપ્રશ્ન હતો. બિહારમાં ટૂંકો પગાર લેનારા કે કંઈ ન લેનારા એવા સારા શિક્ષકો મળવા મુશ્કેલ હતા. મારી કલ્પના એ હતી કે, સામાન્ય શિક્ષકના હાથમાં બાળકો ન જ મુકાય; શિક્ષકને અક્ષરજ્ઞાન ભલે ઓછું હોય, પણ તેનામાં ચારિત્રબળ જોઈએ.

આ કામને સારુ સ્વયંસેવકોની મેં જાહેર માગણી કરી. તેના જવાબમાં ગંગાધરરાવ દેશપાંડેએ બાબાસાહેબ સોમણ, અને પુંડલીકને મોકલ્યા. મુંબઈથી અવંતિકાબાઈ ગોખલે આવ્યાં. દક્ષિણથી આનંદીબાઈ આવ્યાં. મેં છોટેલાલ, સુરેન્દ્રનાથ તથા મારા દીકરા દેવદાસને બોલાવી લીધા. આ જ અરસામાં મહાદેવ દેસાઈ અને નરહરિ પરીખનાં પત્ની મણિબહેન પણ આવ્યાં. કસ્તૂરબાઈને પણ મેં બોલાવી લીધી હતી. આટલો શિક્ષકો અને શિક્ષિકાઓનો સંઘ પૂરતો હતો. શ્રી અવંતિકાબાઈ અને આનંદીબાઈ તો ભણેલાં ગણાય, પણ મણિબહેન પરીખ અને દુર્ગાબહેન દેસાઈને ગુજરાતીનું થોડુંક જ જ્ઞાન હતું. કસ્તૂરબાઈને તો નહીં જેવું જ. આ બહેનો હિંદી બાળકોને કઈ રીતે શીખવે ? (ક્રમશઃ)

**'સત્યના પ્રયોગો'માંથી સાભાર**

### ગુજરાત રાજ્ય સંગીત નાટક અકાદમીના ઉપક્રમે

# સુક્રિષ્ના સાર્વજનિક ટ્રસ્ટ દ્વારા લોકડાયરાનો કાર્યક્રમ યોજાયો




ગાંધીનગર, તા. ૨૮

સુક્રિષ્ના સાર્વજનિક ટ્રસ્ટ, ગાંધીનગર તથા ગુજરાત રાજ્ય સંગીત નાટક અકાદમીના સંયુક્ત ઉપક્રમે શ્રાવણ માસના ચોથા સોમવારે રાત્રે ૮.૩૦ કલાકે ઈન્દ્રાણી માતાના મંદિર, ઈન્દ્રોડા ખાતે, ડાયરાનું આયોજન કરવામાં આવ્યું હતું. આ પ્રસંગે દીપ પ્રાગટ્ય ગામના અગ્રણી ઉમેદજી ઠાકોરના હસ્તે કરવામાં આવ્યું હતું. કલાકાર નગીનભાઈ બારોટ તથા સાથી કલાકારોએ ડાયરામાં લોક સંગીતની મોજ કરાવી હતી. કાર્યક્રમના અંતે ટ્રસ્ટના રીતેશ ભટ્ટ દ્વારા આભાર દર્શન કરવામાં આવ્યું હતું.

# ટેક્વોનડોમાં ગાંધીનગર ઝળક્યું



ગાંધીનગર, તા. ૨૮

મણિપ્રભુ હાઈસ્કૂલ, ચાંદખેડા ખાતે ટેક્વોનડો સ્પર્ધા યોજવામાં આવી હતી. જેમાં ગાંધીનગરના ખેલાડીઓએ ભાગ લઈ વિજેતાક્રમ પ્રાપ્ત કર્યો છે. ધિમહી પટેલ, હેતાક્ષી રાઠોડ, રુદ્ર પટેલ, વ્યોમિકા પટેલ, સિયા કાપડિયા, ક્રિશા દવે તથા જુનિયર વિભાગમાં તિષ્યા ગાંધી, અસ્મિતા ગોસ્વામી, શ્રેયા કાપડિયા, હર્ષવર્ધન પવાર તથા સિનિયર કેટેગરીમાં સાહિલ સોલંકી, ક્રિષ્ના પટેલ, નિધિ સોલંકી, પ્રણવ પરમાર, કાનલ ચોક્સી, યશ ગોસ્વામી, હેતાશ કાપડિયાએ ઈનામો પ્રાપ્ત કર્યા હતા. કોચ પારુલ આર ચાવડાએ આ ખેલાડીઓને તાલીમ પૂરી પાડી હતી. સંચાલક રાજુભાઈએ વિજેતા ખેલાડીઓને અભિનંદન પાઠવ્યા હતા.